## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા “આઇ.સી.એ.આર. ના સ્થાપના દિવસ” નીઉજવણી અંતર્ગત “વરસાદના પાણીનો જળસંચય” વિષય ઉપર ઓનલાઇન કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી., દેવાતજ દ્વારા તારીખ ૧૬/૦૭/૨૦૨૧ ના રોજ “આઇ.સી.એ.આર. ના સ્થાપના દિવસ” અંતર્ગત ‘વરસાદના પાણીનો જળસંચય’ વિષય ઉપર ગુગલમીટ નાં માધ્યમથી ઓનલાઈન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ. સદર કાર્યક્રમમાં કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ, આ.કૃ.યુ., ગોધરા થી જમીન અને જળ સંરક્ષણ વિભાગના મદદનિશ પ્રાધ્યાપક શ્રી અરવિંદભાઈ કુનાપરા ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજના વરિષ્ઠ વૈજ્ઞાનીક અને વડા, ડૉ. એ. સી. વૈદ્ય દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કરી પ્રસંગોચિત્ત ઉદબોધન કરવામાં આવેલ હતુ. જેમાં તેઓએ ભારતીય કૃષિ અનુસંધાન પરીષદના ઇતિહાસ તેમજ તેના દ્વારા કૃષિ સંશોધન અને કૃષિ શિક્ષણ ક્ષેત્રે થતી ઉમદા કામગીરી વિષે સવિસ્તાર માહિતી આપી હતી. ત્યારબાદ શ્રી અરવિંદભાઈ કુનાપરા દ્વારા વરસાદના પાણીનો જળસંચય વિષય ઉપર વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી હતી. જેમાં તેઓએ વરસાદના વહી જતા પાણીના સંગ્રહ તેમજ ખેતરમાં ભેજ સંગ્રહ કરવાની વિવિધ પધ્ધતિઓ વિશે માર્ગદર્શન પુરુ પાડ્યુ હતુ. ત્યારબાદ કેન્દ્રના પશુપાલન વૈજ્ઞાનિક ડૉ. એસ. બી. કાટોલે દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં આણંદ જીલ્લાના કુલ ૩૬ ખેડુત ભાઇઓ તથા બહેનોએ ભાગ લીધેલ હતો. ઉપરોક્ત કાર્યક્રમનું સંચાલન કેન્દ્રના પ્રોગ્રામ આસી. (ગૃહ  વિજ્ઞાન) શ્રીમતિ એ.એન. જાદવ દ્વારા કરવામાં આવ્યુ હતુ.




